ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# જ્ઞાન કલશ

લવાજમ વિનાનું માસિક ઈ મેગેઝિન




વર્ષ : ૧

સળંગ અંક નં : ૧

ઓક્ટો : ૨૦૧૫

**સંપાદક**

વિનોદ પટેલ

ઉપશિક્ષક તલોદગામ પ્રાથમિક શાળા

તા: તલોદ, જિ: સા.કાં.

http://vinodpateltalodgam.blogspot.in

**સહ સંપાદક**

વર્ષા પટેલ

ઉપશિક્ષક તલોદગામ પ્રા. શાળા

## આ અંકમાં

૧. અંતરના દ્વારેથી
૨. આત્મ ચિંતન
૩. ગુજરાત રાજયની સામાન્ય માહિતી
૪. શાળા દફતર સાચવણી મુદત
૫. માસના મહત્વના દિવસો
૫. મારું પૂરું નામ
૬. વીસરાયેલી ક્ષણો સપ્ટે: ૨૦૧૫
૭. અગત્યની હેલ્પલાઈન

અસફળતા તો સફળતાનો આધાર છે, તેને સપનાનું કબ્રસ્તાન ન બનવા દો.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉપયોગી માહિતી પૂરું પાડતું લવાજમ વિનાનું માસિક ઈ મેગેઝીન

# જ્ઞાન ઝલક

વર્ષ : ૧ અંક : ૧

ઓક્ટોબર – ૨૦૧૫

*સુજ્ઞ સારસ્વત મિત્રો,*

*સાદર નમસ્કાર*

*'જ્ઞાન ઝલક' નામના પ્રથમ અંક ઓક્ટો – ૨૦૧૫ ના માધ્યમ દ્વારા આપ સૌની વચ્ચે આવતા અનેરા આનંદની લાગણી અનુભવું છું. આ અંક વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉપયોગી બને તે આશયથી તેનું નિર્માણ કામ હાથ ધરવા પ્રયત્ન કરેલ છે. આ અંકમાં વિદ્યાર્થીઓને અનુરૂપ ગુજરાત રાજયની સામાન્ય માહિતી તેમજ શિક્ષકોને ઉપયોગી થાય તેવી માહિતી રજૂ કરવાનો પ્રયાસ કરેલ છે.*

*આત્મચિંતન દ્વારા નાની સરખી પ્રેરણાત્મક વાત રજૂ કરેલ છે. તેમજ સૌને ઉપયોગી થાય તેવા બનાવો વીસરાયેલી ક્ષણો દ્વારા તેમજ અગત્યની હેલ્પલાઈનના નંબરો રજૂ કરેલ છે.*

*આશા છે કે 'જ્ઞાન ઝલક' નામનો પ્રથમ અંક આપણને ઉપયોગી બનશે.*

*આભાર સહ*

*વિનોદ પટેલ*

'જ્ઞાન ઝલક' દર માસની ૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન બ્લોગ ઉપર પ્રકાશિત કરવામાં આવશે.

'જ્ઞાન ઝલક' ને ઓનલાઈન

http://vinodpateltalodgam.blogspot.in

પરથી ડાઉનલોડ કરી શકો છો.

## વાચક મિત્રોને

- ♣ આ સામયિકનું નિર્માણ શૈક્ષણિક હેતુ માટે કરેલ છે.
- ♣ પ્રાથમિક શિક્ષણ / શિક્ષકોને / વિદ્યાર્થીઓને ઉપયોગી નવીન બાબતો, પ્રેરણાદાયી વાતો આવકાર્ય છે.
- ♣ આપ આપણા લેખો ઈ મેઈલ એડ્રેસ ઉપર મોકલી શકો છો.
- ♣ જે તે લેખ અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- ♣ આપણા પ્રતિભાવો, સૂચનો સ્વીકાર્ય છે.

# આત્મ ચિંતન

એક રાજા હતો. તેને પોતાની રાજધાનીના સૌથી મોટા સોનીને બોલાવીને કહયું કે મારા માટે એક એવી વીંટી બનાવી આપ, જે બેનમૂન હોય. કિંમતીમાં કિંમતી હીરા તો એમાં હોય જ પણ સાથે એ વીંટી પર એક એવું સૂત્ર લખી આપ જે પ્રત્યેક પળે મને કામ આવે અને હરએક સ્થિતિમાં દુ:ખમાં મને સાથ આપે.

સમ્રાટની આજ્ઞા પ્રમાણે સોનીએ એક વીંટી બનાવી. સુંદર, ચમકતા, કિંમતી હીરાથી ઝડેલી વીંટીતો બની ગઈ પણ હવે એવું સૂત્ર કયાંથી લાવવું જે હરપળે અને હરએક સ્થિતિમાં કામ આવે? એને થયું કે હું કોઈ પણ સૂત્ર લખું તે જીવનની અમુક સ્થિતિમાં કામ આવે અને અમુકમાં ન પણ આવે. જીવનના હરએક સંદર્ભમાં કામ આવે એવું સૂત્ર કયાંથી લાવવું?

ચિંતાનો પાર ન હતો. એવામાં એને ગામના છેડે રહેતા એક ફકીરની યાદ આવી. દોડતો એ એમની પાસે ગયો અને સઘળી વાતથી વાકેફ કર્યા. ફકીરે કહયું, એમાં ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જા અને આટલું જ લખી દે – “This too will pass – ધિસ ટૂ વિલ પાસ – આ પણ વીતી જશે! ’’ અને સમ્રાટને જઈને એટલું કહેજે કે કોઈ પણ ઘડી, એ દુ:ખની હોય કે સુખની, એકવાર અટકીને આ સૂત્ર તરફ નજર કરી લેજો. એ તમને કામ લાગશે.

...અને બન્યું એવું જ. થોડા સમય બાદ સમ્રાટ એક યુદ્ધમાં હારી ગયો. જીવ લઈને નાસવું પડયું. દુશ્મનો પાછળ પડયા છે. એ એક પહાડી ગુફામાં જઈને સંતાઈ ગયો છે. ઘોડાના ડાબલા સંભળાઈ રહયા છે અને એ કંપી રહયો છે. ઉદાસીનો પાર નથી. રાજયની સીમા વધારવા યુદ્ધ કરેલું અને ઉલટું જે હતું તે પણ ગુમાવવું પડયું. કેટ કેટલા સપના રચેલા અને એ અચાનક તૂટી ગયા! ચિંતામાં ને ચિંતામાં એની નજર વીંટી પર પડી અને વીજળીનો ઝબકારો થયો હોય એમ પેલું સૂત્ર વંચાઈ ગયું – “આ પણ પસાર થઈ જશે.” અને એને આશ્વાસન મળ્યું. અંધકારથી ભરેલી ગુફામાં જાણે કે સૂર્યનું કિરણ ઉતરી આવ્યું. ગૂંગળાવી નાખે તેવી વાસી હવામાં જાણે તાજી હવાનું જોકું આવ્યું. અમૃતની વર્ષા જેવું જ એ ક્ષણે એને લાગ્યું. “ચિંતા ન કર, દુ:ખની પળો પણ પસાર થઈ જશે.” એ શાંત થઈને બેસી ગયો. ભૂલી જ ગયો કે દુશ્મન પાછળ પડયા છે. અને થોડી જ ક્ષણોમાં એણે અનુભવ્યું કે દુશ્મન કયાંય દૂર નીકળી ગયા છે. ઘોડાના ડાબલા હવે સંભળાતા નથી. સંકટની પળો જાણે કે પસાર થઈ ગઈ.

થોડા દિવસો આ રીતે વીત્યા હશે ત્યાં ફરીથી એની સેના એકઠી થઈ અને દુશ્મન પર તૂટી પડી. સંદેશો મળ્યો કે પોતાનો વિજય થયો છે અને આખા રાજયમાં વિજયોત્સવ ઉજવાઈ રહયો છે. રાજા પાછો ફરી રહયો છે. ચોમેરથી એના પર ફૂલોની વર્ષા થઈ રહી છે. ઢોલ, ત્રાંસા અને દુંદુભીના નાદમાં ઘડીભર એ ભૂલી જાય છે કે પરાજયની પળો કેવી દુખદ હતી! અંબાડી પર બેઠો છે રાજા અને અકડનો પાર નથી, ત્યાં અચાનક એની નજર પેલી વીંટી પર પડે છે એ વાંચે છે એ....“આ પણ પસાર થઈ જશે.” અને એકજ પળમાં અહંકારનો ફણીધર ફેણ સંકેલીને જાણે કે દરમાં ચાલ્યો જાય છે. ચિત્ત એનું પ્રસન્ન અને હળવું ફૂલ બની જાય છે પોતે ‘કંઈક’ છે એવી જે અકડ હતી તે ચાલી જાય છે અને ખ્યાલ આવે છે એને કે અહીં કશું જ સ્થિર નથી. સુખ અને દુખ, માન અને અપમાન, વિજય અને પરાજય આ બધું જ એક પ્રવાહ જેવું છે અને સતત ગતિશીલ છે.

આ સૂફી કથાનો સાર અને બીજમંત્ર જેવું એનું વચન “This too will pass – આ પણ પસાર થઈ જશે! ’’ આપણા જીવનને હળવું ફૂલ અને આનંદપૂર્ણ બનાવી શકે તેમ છે. કેમ કે એ એક જ સૂત્રમાં સઘળા શાસ્ત્રોનો સાર આવી જાય છે. અકર્તા થઈને જીવવું, જે કંઈ પણ બની રહયું છે તેમાં પોતે નિમિત્ત માત્ર છે. કરવું બધું પણ કર્તાપણાનો અહંકાર કે હું પદનો ભાવ ન રાખવો.‘સાક્ષી’ કે ‘દ્રષ્ટા’ થઈને જીવવું એ સુખી જીવનની ચાવી અને આનંદિત રહેવા માટેનું સોનેરી સૂત્ર છે.

*સાભાર*

*‘સ્પાર્કમાંથી’*

# ગુજરાતની સામાન્ય માહિતી

- સ્થાપના : ૧ મે, ૧૯૬૦
- પંચાયતી રાજયની સ્થાપના : ૧૯૬૩
- પ્રથમ પાટનગર : અમદાવાદ
- વર્તમાન પાટનગર : ગાંધીનગર
- પ્રથમ રાજયપાલ : શ્રી. મહેંદી નવાજજંગ
- પ્રથમ મુખ્યમંત્રી : ડૉ. જીવરાજ મહેતા
- વિધાનસભાની બેઠકો : ૧૮૨
- લોકસભાની બેઠકો : ૨૬
- રાજયસભાની બેઠકો : ૧૧
- વર્તમાન રાજયપાલ : ઓમ પ્રકાશ કોહલી
- વર્તમાન મુખ્યમંત્રી : શ્રીમતી આનંદી બેન પટેલ
- કુલ ક્ષેત્રફળ : ૧,૯૬,૦૨૪ ચો.કિમી.
- ગુજરાતનો રણ વિસ્તાર : ૨૭,૨૦૦ ચો.કિ.મી.
- ગુજરાતની ઉત્તર દક્ષિણ લંબાઈ : ૫૯૦ કિ.મી.
- ગુજરાતની પૂર્વ પશ્ચિમ લંબાઈ : ૫૦૦ કિ.મી.
- જિલ્લાઓની સંખ્યા : ૩૩
- તાલુકાઓની સંખ્યા : ૨૪૮
- ગ્રામપંચાયતો : ૧૩,૬૯૫
- મહાનગરપાલિકા : અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર,જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર
- નગરપાલિકાઓ : ૧૬૯
- ગ્રામપંચાયતો : ૧૩,૬૯૫
- પુરુષની વસ્તી : ૩,૧૪,૮૨,૨૮૨ (૨૦૧૧ મુજબ)
- સ્ત્રીઓની વસ્તી : ૨,૮૯,૦૧,૩૪૬
- કુલ વસ્તી : ૬,૦૩,૮૩,૬૨૮
- મોટો મહેલ : લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદરા
- રાષ્ટ્રીય ઉદ્યાનો : ૪
- અભયારણ્યો : ૨૨
- સૌથી મોટું બંદર : કંડલા
- સૌથી મોટો જિલ્લો : કચ્છ
- સૌથી નાનો જિલ્લો : ડાંગ
- રાજયગીત : જય જય ગરવી ગુજરાત
- રાજયભાષા : ગુજરાતી
- રાજયપ્રાણી : સિંહ
- રાજયપક્ષી : સુરખાબ
- રાજયવૃક્ષ : આંબો
- રાજયવૃક્ષ : ગલગોટો
- રાજયનૃત્ય : ગરબા
- રાજયરમત : કબ્બડી
- ઉંચો પર્વત : ગિરનાર
- મોટી સિચાઈ યોજના : નર્મદા યોજના
- વિમાની મથક : અમદાવાદ(આંતરરાષ્ટ્રીય), વડોદરા, ભાવનગર, ભૂજ, સુરત, જામનગર, કંડલા, કેશોદ, પોરબંદર, રાજકોટ
- વડી અદાલત : અમદાવાદ
- લાંબી નદી : સાબરમતી
- હવાખાવાનું સ્થળ : સાપુતારા
- મોટી સહકારી ડેરી : અમૂલ (આણંદ)
- દરિયા કિનારો : ૧૬૦૦ કિ.મી.
- મોટી હોસ્પિટલ : અમદાવાદ
- મોટો મેળો : વૌઠાનો (જિ: અમદાવાદ)
- વાડીઓનો જિલ્લો : વલસાડ

# શાળા દફતર સાચવણી મુદત

| કાયમી રાખવાનાં દફતરો: | ૫ વર્ષ સુધી : |
|---|---|
| ૧. વયપત્રક<br>૨. ડેડસ્ટોક રજિસ્ટર<br>૩. રોજમેળ<br>૪. પગાર પત્રકો<br>૫. જાવક બારનીશી<br>૬. આવક બારનીશી<br>૭. મુલાકાત બુક<br>૮. પરીપત્રો– કાયમી હુકમ ફાઈલ<br>૯. અગત્યનો પત્રવ્યવહાર (મકાન)<br>૧૦. ભથ્થાં બીલ પત્રકો<br>૧૧. કન્ટીજન્સી રોજમેળ | ૧. વિદ્યાર્થીઓનું દૈનિક હાજરી પત્રક<br>૨. શિક્ષકોનું દૈનિક હાજરી પત્રક<br>૩. માસિક પત્રક<br>૪. સ્થાનિક વેરો ભરનારની નોંધવહી<br>૫. વહીવટી અમલદારોને મોકલવાનું વાર્ષિક પત્રક<br>૬. મુખ્યશિક્ષકની સૂચનાપોથી (લોગબુક)<br>૭. પરીક્ષા પત્રકો<br>૮. ફીની પાવતી ફાઈલ<br>૯. ચાર્જ આપ લે સ્થળપ્રતો<br>૧૦. મકાન સમારકામ પત્રવ્યવહાર<br>૧૧. ફી સર્ટીફિકેટની નોંધવહી<br>૧૨. લોકલ સર્ટીફિકેટ પત્રવ્યવહાર<br>૧૩. રજા પત્રક ફાઈલ<br>૧૪. રજા અને બદલી અંગેનો પત્રવ્યવહાર |
| **૩૫ વર્ષ સુધી :**<br>૧. ઉંમરના દાખલાની ફાઈલ<br><br>**૧૦ વર્ષ સુધી :**<br>૧. નિરીક્ષકની સૂચનાપોથી<br>૨. શાળા છોડયાના દાખલાની ફાઈલ | **૧ વર્ષ સુધી :**<br>૧. વિદ્યાર્થીનું પ્રગતિપત્રક<br>૨. સમય પત્રક<br>૩. મકાન સમારકામ થવા અંગેનું સર્ટીફિકેટ<br>૪. ભૌતિક સુવિધા માગણી પત્રક<br>(ફર્નિચર, પુસ્તકો, નકશો, અન્ય) |

# માસના મહત્વના દિવસો

| | |
|---|---|
| ૧ ઓક્ટો | સ્વૈચ્છિક રકતદાન દિવસ |
| ૨ ઓક્ટો | આંતર રાષ્ટ્રીય અહિંસા દિવસ |
| ૩ ઓક્ટો | વિશ્વ નિવાસ દિન / વિશ્વ પશુ દિન |
| ૪ ઓક્ટો | વિશ્વ વન્યજીવ દિવસ |
| ૫ ઓક્ટો | વિશ્વ શિક્ષક દિન |
| ૬ ઓક્ટો | વિશ્વ શાકાહાર દિન |
| ૮ ઓક્ટો | ભારતીય વાયુ સેના દિવસ |
| ૯ ઓક્ટો | વિશ્વ ટપાલ દિવસ |
| ૧૦ ઓક્ટો | રાષ્ટ્રીય ટપાલ દિવસ |
| ૧૧ ઓક્ટો | વિશ્વ દ્રષ્ટિ દિવસ |
| ૧૩ ઓક્ટો | સયુંકત રાષ્ટ્ર આંતર રાષ્ટ્રીય પ્રાકૃતિક આપદા ન્યૂનીકરણ દિવસ |
| ૧૪ ઓક્ટો | વિશ્વ માનક દિવસ |
| ૧૫ ઓક્ટો | વિશ્વ વ્હાઈટ કેન દિવસ |
| ૧૬ ઓક્ટો | વિશ્વ ખાદ્ય દિવસ |
| ૧૭ ઓક્ટો | વિશ્વ ગરીબી નાબૂદી દિવસ |
| ૨૦ ઓક્ટો | રાષ્ટ્રીય એકતા દિવસ |
| ૨૧ ઓક્ટો | પોલીસ સ્મરણોત્સવ દિવસ |
| ૨૪ ઓક્ટો | સંયુકત રાષ્ટ્ર દિન |
| ૨૭ ઓક્ટો | શિશુ દિવસ |
| ૩૦ ઓક્ટો | વિશ્વ બચત દિવસ |
| ૩૧ ઓક્ટો | સરદાર જયંતિ |

Happy Birthday
Kunjan
Birth Date - 1- 10 - 1999



# મારું પૂરું નામ

| | | | |
|---|---|---|---|
| GCERT | ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ | SSA | સર્વ શિક્ષા અભિયાન |
| NPEGEL | નેશનલ પ્રોગામ ઓફ એજયુકેશન ફોર ગર્લ્સ એટ એલીમેન્ટ્રી લેવલ | BALA | બિલ્ડીંગ એઝ લર્નિંગ એડ |
| ADEPTS | એડવાન્સમેન્ટ ઓફ એજયુકેશન પર્ફોમન્સ થ્રુ ટીચર સપોર્ટ | AS | અલ્ટરનેટીવ સ્કૂલ |
| KGBV | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | BRG | બ્લોગ રિસોર્સ ગ્રુપ |
| DPEP | ડિસ્ટ્રીકટ પ્રાયમરી એજયુકેશન પોગ્રામ | BRP | બ્લોગ રિસોર્સ પર્સન |
| DIET | ડિસ્ટ્રીકટ ઈન્સ્ટીયુટ ઓફ એજયુકેશન એન્ડ ટ્રેનીંગ | GIAC | ગ્રાન્ટ ઈન એઈડ કમિટી |
| DPC | ડિસ્ટ્રીકટ પ્રોજેકટ કો ઓર્ડીનેટર | IED | ઈન્ટીગ્રેટડ એજયુકેશન ફોર ડિસેબલ |
| DPE | ડિસ્ટ્રીકટ પ્રોજેકટ એન્જિનીયર | OIC | ઓફિસર ઈનચાર્જ |
| ECCE | અર્લી ચાઈલ્ડ હુડ કેર એન્ડ એજયુકેશન | RTE | રાઈટ ટુ એજયુકેશન |
| CWSN | ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડ્સ | SIP | સકૂલ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન |
| MIS | મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ | SPD | સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર |
| TRP | ટેકનિકલ રિસોર્સ પર્સન | SPO | સ્ટેટ પ્રોજેકટ ઓફિસ |
| TLE | ટીચિંગ લર્નિંગ ઈકિવપમેન્ટ | STP | સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગામ |

# વીસરાયેલી ક્ષણો સપ્ટે– ૨૦૧૫

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ સપ્ટે | | ભારત ૨૨ વર્ષ બાદ શ્રીલંકાની ધરતી પર ૨ – ૧ થી ટેસ્ટ શ્રેણી જીત્યું. |
| | | વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા રામચરીત માનસનું ડિજિટલ વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું. |
| ૨ સપ્ટે | | શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દેશમાં વિભિન્ન મેટ્રો તથા પરિવહન પ્રણાલીઓમાં અબાધ્ય ગતિથી ખરીદી માટે ગ્રાહક અનુકૂળ ‘સ્માર્ટ નેશનલ કોમન મોબીલીટી કાર્ડ’ NCMC રજૂ કરવામાં આવ્યું. |
| ૩ સપ્ટે | | વિશ્વના પ્રથમ સર્ચ એન્જિન અને ઈન્ટરનેટ જાયન્ટ ગુગલ કંપનીએ પોતાનો લોગો બદલ્યો. |
| ૪ સપ્ટે | | રાષ્ટ્રમંડલ ખેલ મહાસંઘના અધ્યક્ષ લ્યુઈસ માર્ટિન દ્વારા ઓકલેન્ડ ન્યુઝિલેન્ડમાં વર્ષ–૨૦૨૨ ના કોમનવેલ્સ ગેમના આયોજનનો નિર્ણય કરવામાં આવ્યો. |
| ૫ સપ્ટે | | ભારતીય મૂળની લેખિકા ઝુમ્પા લાહિરી ૨૦૧૪ ના નેશનલ હયુમિનિટી એવોર્ડ માટે પસંદ કરવામાં આવી. |
| ૬ સપ્ટે | | કેન્દ્ર સરકાર દ્વારા ‘બધા માટે આવાસ’ યોજનાના અમલીકરણ માટે દેશના ૩૦૫ શહેરોની પસંદગી કરવામાં આવી. |
| ૭ સપ્ટે | | ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર ક્રિકેટર શેન વોટસને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી. |
| ૮ સપ્ટે | | ડબલ્યુ. ઈ. એફ દ્વારા જાહેર કરેલ રિપોર્ટ અનુસાર ભારત દેશ ભ્રષ્ટાચારની બાબતમાં આઠમા ક્રમાંકે છે. |
| ૯ સપ્ટે | | દેશનું પ્રતિષ્ઠિત ગાંધી શાંતિ પારિતોષિક ઈસરોના ચેરમેન એ.એસ.કિરણકુમારને રાષ્ટ્રપતિ પ્રણવમુખરજીના હસ્તે આપવામાં આવ્યું. |
| ૧૦ સપ્ટે | | ફોર્ચ્યુન મેગેનિઝે વર્ષ ૨૦૧૫ ની સૌથી વધુ આશાસ્પદ ૧૦ મહિલાઓની યાદીમાં ભારતીય મૂળની અને હાલમાં સ્ટાર્ટઅપ કંપનીના સી.ઈ.ઓ પાયલ કડકિયાનો સમાવેશ કર્યો. જેઓ ગેમચેન્જર,ઈનોવેટર અને નવો માર્ગ શોધનાર મનાય છે. |
| | | વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ભોપાલના લાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૦ મા વિશ્વ હિન્દી સંમેલનનું ઉદ્દઘાટન કર્યુ. જે ૩૨ વર્ષના લાંબા ગાળા બાદ ભારતની ધરતી પર યોજાયું |
| ૧૧ સપ્ટે | | વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચંડીગઢ ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. |
| ૧૨ સપ્ટે | | રિઝર્વ બેન્કના નવા નિયમ મુજબ બેન્કો દર બીજા અને ચોથા શનિવારે બંધ રહેશે. તેમજ બાકીના તમામ શનિવારે ફૂલ ટાઈમ કામ કરશે. |
| ૧૩ સપ્ટે | | સાનિયા માર્ટિનાની જોડી યુ.એસ.ઓપન વિમેન્સ ડબલ્સમાં ચેમ્પિયન બની. |
| ૧૪ સપ્ટે | | ભારતીય રેલ્વેએ દિબ્રુગઢ રાજધાની ટ્રેનમાં ‘વેકયુમ’ શૌચાલયની પ્રાયોગિક ધોરણે શરૂઆત કરી. |
| ૧૫ સપ્ટે | | વ્હાઈટ હાઉસના પ્રતિષ્ઠિત ‘ચેમ્પિયન્સ ઓફ ચેન્જ’ એવોર્ડ માટે ભારતીય મૂળની ૧૫ વર્ષીય શ્વેતાની પસંદગી કરાઈ. ભારતના તમિલનાડુના તિરૂનેલવેલીની વતની શ્વેતા ‘એવરીબડી કોડ નાઉ’ સંસ્થાની સ્થાપક અને સી.ઈ.ઓ છે. આ સંસ્થા યુવાનોને એન્જિનિયર, વિજ્ઞાની અને ઉદ્યોગ સાહસિક થવા પ્રોત્સાહન અને સહાય આપે છે. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૬ સપ્ટે | | કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં સામાજિક, આર્થિક અને પાયાગત વિકાસ માટે 'શ્યામાપ્રસાદ મુખરજી ગ્રામીણ શહેરી મિશન' ને મંજૂરી આપવામાં આવી. |
| | | એશિયાના વિકાસમાં પ્રદાન કરવા બદલ એશિયા સોસાયટી દ્વારા અપાતા 'એશિયા ગેમ ચેન્જર' એવોર્ડ માટે આઈ.સી.આઈ.સી.આઈ બેંકના સી.ઈ.ઓ ચંદા કોચર સહિત ત્રણ ભારતીયોની પસંદગી કરવામાં આવી. |
| ૧૭ સપ્ટે | | વર્લ્ડ ઈન્ટેલેકચ્યૂઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન આઈએનએસઈએડી અને કોનેલ યુનિ – વર્સિટી તરફથી પ્રસિદ્ધ થતી ઈનોવેશન ઈન્ડેક્ષ ૨૦૧૫ ની ૧૪૧ દેશોની યાદીમાં ભારત પાંચ ક્રમ ઉતરીને ૮૧ મા સ્થાને આવ્યું. |
| ૧૮ સપ્ટે | | કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ડાઈકલોફેનાક દવાના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. |
| ૧૯ સપ્ટે | | ભારત સરકારના નીતિ આયોગ દ્વારા ભારતના તમામ લોકોને યુનિક આઈડેન્ટી ફીકેશન નંબર આપવા માટે 'યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા' ની સ્થાપના કરવામાં આવી. |
| ૨૦ સપ્ટે | | ભારતીય ક્રિકેટ બીસીસીઆઈના પ્રમુખ અને આઈસીસીના ભૂતપૂર્વ પ્રમુખ જગમોહન દાલમિયાનું ૭૫ વર્ષની ઉંમરે અવસાન થયું. |
| ૨૧ સપ્ટે | | અમેરિકાની યેલ યુનિવર્સિટી દ્વારા જગતના સર્વોત્તમ ૧૦૦ ટેટૂ ચિત્રકારોમાં ભારતના નાગાલેન્ડના મોનાગા, કોલકાતાના અભિનંદન બાસુ અને દિલ્લીના મનજીતસિંહનો સમાવેશ કરવામાં આવ્યો. |
| ૨૨ સપ્ટે | | ગ્લોબલ વોર્મિંગનો અભ્યાસ કરવા માટે પશ્ચિમ બંગાળમાં આવેલા કોનાનગર નગર પાલિકા દ્વારા એક પરિયોજના અંતર્ગત ૨૭ પ્રકારના વૃક્ષોને ઓળખકાર્ડ આપવામાં આવ્યા. વૃક્ષોને આઈડેન્ટી કાર્ડ આપવાનો ભારતમાં આ પહેલો પ્રયોગ છે. |
| ૨૩ સપ્ટે | | વડાપ્રધાન નરેન્દ્રમોદી આયર્લેન્ડ અને અમેરિકના સાત દિવસના પ્રવાસે રવાના થયા. |
| ૨૪ સપ્ટે | | ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા યુવા સ્વાવલંબન યોજનાની જાહેરાત કરવામાં આવી. આ યોજના પાછળ સરકાર દ્વારા વર્ષે ૧૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. |
| ૨૫ સપ્ટે | | અમેરિકાના પ્રમુખ ઓબામાએ સલાહકાર સમિતિમાં ત્રણ ભારતીય અમેરિકનો પ્રીતા બંસલ, નિપુમ મહેતા અને જસપ્રિતસિંહની નિમણૂંક કરી. |
| ૨૬ સપ્ટે | | ભારતમાં જમ્મુ કશ્મીર રાજયના લદ્દાખમાં વિશ્વનું સૌથી મોટું ટેલિસ્કોપ ૨૦૧૭ સુધીમાં કાર્યરત થઈ જશે. તેનું સંચાલન મુંબઈથી રિમોટ કંટ્રોલથી ચાલશે. તેનાથી ૧૪ અબજ વર્ષ પહેલાં જયારે પૃથ્વીનું સર્જન થયું હતું ત્યારે બનેલી ઘટનાઓને માપી શકશે અને તેની પર મોનિટરિંગ કરી શકાશે. |
| ૨૭ સપ્ટે | | ભારતના અભિનવ બિન્દ્રાએ નવી દિલ્લીમાં શરૂ થયેલી એશિયન એરગન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીત્યો. |
| ૨૮ સપ્ટે | | ભારતે બ્રહમાંડનો અભ્યાસ કરનારા એસ્ટ્રોસેટ સહિત ૭ ઉપગ્રહો પીએસએલવી–સી દ્વારા લોન્ચ કર્યા. ભારત આકાશમાં વેધશાળા ગોઠવનારો દુનિયાનો પાંચમો દેશ બન્યો. |
| ૨૯ સપ્ટે | | ભારતના હરિદ્વારની દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના બીએસસીના વિદ્યાર્થી આદિત્ય પ્રકાશસિંહે યુનિવર્સિટીના અધિકારીઓ સમક્ષ ૯૦ મિનિટ સુધી શિર્ષાસન કરી વિક્રમ સર્જ્યો. આદિત્ય પ્રકાશની આ સિદ્ધિને ગિનિસ બુકમાં મોકલવામાં આવશે. |

# અગત્યની હેલ્પલાઈન

| | |
|---|---|
| ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સર્વિસ | 108 |
| પોલીસ | 100 |
| ફાયર કંટ્રોલ | 101 |
| ટ્રાફિક કંટ્રોલ | 103 |
| અભયમ્– મહિલા હેલ્પલાઈન | 181 |
| રેલ્વે સુરક્ષા હેલ્પલાઈન | 182 |
| ચાઈલ્ડ હેલ્પલાઈન | 1098 |
| બ્લડ બેંક | 1910 |
| હેલો સખી– મહિલા ઈમર્જન્સી હેલ્પલાઈન | 1091 |
| મહિલા અત્યાચાર– (વીમેન્સ વાયોલન્સ) | 1800 233 1111 |
| મહિલા હિંસા હેલ્પલાઈન | 079 26442466 |
| અમદાવાદ વીમેન્સ એક્શન ગ્રુપ – અવાજ | 079 22770410 |
| માહિતી અધિકાર હેલ્પલાઈન– ગુજરાત પહેલ જનપથ | 9924085000 |
| ગુજરાત રાજય ગ્રાહક હેલ્પલાઈન | 1800 233 0222 |
| મુખ્યમંત્રી અમૃતમ (માં) યોજના (મોટી વૈધકીય સહાય) | 1800 233 1022 |
| રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | 1800 233 1021 |
| જાહેર વિતરણ યોજના નોકરી વિકલાંગતા માટેની માહિતી | 1800 233 5500 |
| મનરેગા | 1800 233 4567 |

## પત્ર વ્યવહારનું સરનામું


વિનોદ પટેલ
ઉપશિક્ષક તલોદગામ પ્રા. શાળા
તાઃ તલોદ, જિઃ સાબરકાંઠા
પિનઃ ૩૮૩૨૧૫
મોઃ ૯૪૨૬૫૯૭૮૯૨
http://vinodpateltalodgam.blogspot.in
E-mail: patelvinod456@gmail.com


TO,

-----------------------------------

-----------------------------------

-----------------------------------

PIN.